# વિદ્યાર્થી પર હુમલામાં સરકારને રિપોર્ટ કરાશે, DEO દ્વારા તપાસનો આદેશ

**હુમલાની** ઘટના પાછળ કોઈ યુવતી પણ હોવાની ચર્ચા

સુરતઃ પાંડેસરા વિસ્તારમાં આવેલી ગેલેક્સી આર્મી ઇન્ટરનેશનલ સ્કૂલમાં ધોરણ 10ના વિદ્યાર્થી પર ચપ્પુ વડે હુમલો કરવાના મામલે જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા તપાસના આદેશ આપવામાં આવ્યા છે અને એજ્યુકેશન ઇન્સપેક્ટર અને આસિસ્ટન્ટ એજ્યુકેશન ઇન્સપેક્ટરની ટીમને તપાસ કરીને ત્રણ દિવસની અંદર સમગ્ર મામલે વિગતવાર તપાસ કરીને રિપોર્ટ સોંપવા સૂચના આપવામાં આવી છે. રાજ્ય સરકારે પણ સમગ્ર બનાવ અંગે વિગતવાર અહેવાલ માંગ્યો હોવાનું જાણવા મળ્યું છે.

પ્રાથમિક માહિતી મુજબ આ સમગ્ર બનાવ પાછળ એક યુવતી સાથે સંકળાયેલ મુદ્દો હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે. જોકે અધિકારીઓએ આ બાબતની સત્તાવાર પુષ્ટિ કરી નથી. તપાસ ટીમ આ એંગલ સહિત તમામ સંભાવનાઓને ધ્યાનમાં રાખીને તપાસ કરશે અને ત્યારબાદ હકીકત બહાર આવશે.

### ઓનલાઇન સાઇટ પરથી ચપ્પુ મંગાવ્યાનો આક્ષેપ

આ ઘટનાને લઈ ઇજાગ્રસ્ત વિદ્યાર્થીના પિતાએ ચોંકાવનારો આક્ષેપ કર્યો છે. તેમના જણાવ્યા અનુસાર હુમલો કરનાર સગીરોએ ગુનાહિત મનસુબા સાથે ઓનલાઇન સાઇટ પરથી ચપ્પુ મંગાવ્યા હતા. પિતાનું કહેવું છે કે ડિજિટલ પ્લેટફોર્મ પર આવા તિક્ષ્ણ હથિયારો સરળતાથી ઉપલબ્ધ હોવાને કારણે સગીરોમાં હિંસક વૃત્તિ વધતી જાય છે. અગાઉ થયેલી સામાન્ય બોલાચાલી બાદ જ્યારે તેમના પુત્રએ ટકોર કરી હતી, ત્યારે તેનો ખાર રાખીને આરોપીઓએ પૂર્વ આયોજન સાથે આ હુમલો કર્યો હતો.

### સ્કૂલ પ્રાંગણ બહાર ઘટના બનતાં મોડેથી જાણ થઈ: સંચાલકો

ગેલેક્સી આર્મી ઇન્ટરનેશનલ સ્કૂલના પ્રિન્સિપાલ કૃણાલ શાહે જણાવ્યું હતું કે, શાળામાં વાર્ષિક મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓને આમંત્રણ આપવામાં આવ્યું હતું. સુરક્ષા માટે સિક્યુરિટી સ્ટાફ પણ તૈનાત કરવામાં આવ્યો હતો. તેમ છતાં સમગ્ર ઘટના સ્કૂલના ગેટની બહાર બની હોવાથી શરૂઆતમાં શાળા તંત્રને તેની જાણ થઈ નહોતી. રાત્રે લગભગ 9:30 થી 10 વાગ્યાના સમયગાળા દરમિયાન આ ઘટનાની માહિતી મળતા શાળા તંત્રમાં ચિંતા ફેલાઈ હતી. પ્રિન્સિપાલે જણાવ્યું હતું કે ઇજાગ્રસ્ત વિદ્યાર્થી અને હુમલાખોરો વચ્ચે કોઈ જૂની અદાવત હોઈ શકે છે, પરંતુ શાળાને અગાઉથી તેની કોઈ જાણ નહોતી.

યુદ્ધની વૈશ્વિક અસરથી યાર્ન-જરીમાં તોતિંગ ભાવવધારો

# વિવર્સે નવા સોદામાં 30 ટકા ભાવવધારાની જાહેરાત કરી

**સચિન** જીઆઈડીસી ખાતે રેપિયર જેકાર્ડ વિવર્સ એસોસિએશનની બેઠક યોજાઈ

45 દિવસમાં પેમેન્ટ ફરજિયાત, 90 દિવસ બાદ બ્લેકલિસ્ટ કરવાની ચેતવણી



સુરતઃ વૈશ્વિક સ્તરે સર્જાયેલી યુદ્ધ જેવી પરિસ્થિતિની અસર હવે સુરતના ટેક્સટાઇલ ઉદ્યોગ પર પણ સ્પષ્ટ જોવા મળી રહી છે. રેપિયર જેકાર્ડ વિવર્સ એસોસિએશન ઓફ સુરત દ્વારા મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે કે આવતીકાલથી નવા સોદાઓમાં 30 ટકા ભાવ વધારો કરીને કામ કરવામાં આવશે.

આ નિર્ણય અંગે ચર્ચા કરવા માટે સોમવારે સચિન જીઆઈડીસી સ્થિત રોટરી હોસ્પિટલ ખાતે રેપિયર જેકાર્ડ વિવર્સ એસોસિએશન ઓફ સુરત (RJWAS) દ્વારા અગત્યની બેઠક યોજાઈ હતી.

એસોસિએશનના પ્રમુખ સી.કે. માણીયાએ જણાવ્યું હતું કે આવતીકાલથી નવા સોદાઓમાં 30 ટકા વધારાનો ભાવ લાગુ કરવામાં આવશે. વેપારીઓએ પણ આગળ પોતાના ગ્રાહકો સાથે ભાવ વધારો ધ્યાનમાં રાખીને વેપાર કરવાની જરૂર હોવાનું જણાવાયું છે.

બેઠકમાં પેમેન્ટ સિસ્ટમ અંગે પણ મહત્વના નિર્ણય લેવાયા હતા. જેમાં 45 દિવસથી વધુ બાકી રહેલા તમામ જૂના પેમેન્ટ તરત જ ક્લિયર કરવા પડશે. નવા માલના વેચાણ પર પણ મહત્તમ 45 દિવસની અંદર પેમેન્ટ કરવાની શરત રાખવામાં આવી છે.90 દિવસ સુધી પેમેન્ટ નહીં કરનાર વેપારીઓના નામ જાહેર કરવામાં આવશે અને તેમને એસોસિએશન દ્વારા બ્લેકલિસ્ટ કરવામાં આવશે.

## સંક્ષિપ્ત સમાચાર

### પિતાની પુણ્યતિથિ નિમિત્તે કુરુક્ષેત્ર ટ્રસ્ટને 1,01,000 રૂપિયાનું દાન



સુરતઃ સ્વ. બાબુભાઈ ગોપાળભાઈ ભાજીવાલાની પચાસમી પુણ્યતિથિ નિમિત્તે તેમની પુત્રી જયશ્રીબેન રાકેશભાઈ પટેલ (રહેવાસી શાલીગ્રામ સોસાયટી, કોઝવે રોડ, તાડવાડી ગોરાટ) દ્વારા કુરૂક્ષેત્ર સ્મશાનભૂમિ જીર્ણોધ્ધાર ટ્રસ્ટને 1,01,000 રૂપિયાનું દાન આપવામાં આવ્યું હતું. ટ્રસ્ટના પટાંગણે યોજાયેલા કાર્યક્રમ દરમિયાન ઉપપ્રમુખ શંકરભાઈ પટેલ, સેક્રેટરી અજયભાઈ ગાંધી, જો. સેક્રેટરી સમીરભાઈ વ્યાસ અને ખજાનચી ઉમેશભાઈ દેસાઈએ પટેલ પરિવારને આવકારી ટ્રસ્ટ તરફથી ચેક સ્વીકાર્યો હતો. ટ્રસ્ટના પ્રમુખ કમલેશ સેલરે દાતા સાથે પધારેલા રાકેશભાઈ દેવજીભાઈ પટેલને કુરૂક્ષેત્ર ધામ ખાતે ચાલી રહેલા વિકાસકાર્યો વિશે માહિતગાર કર્યા હતા.

### નવી સિવિલમાં મૃતદેહની સન્માનજનક વિદાય માટે વિનામૂલ્યે સામાન અપાશે



સુરતઃ કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલના જન્મદિવસની ઉજવણીના ભાગરૂપે દક્ષિણ ગુજરાતની સૌથી મોટી સરકારી નવી સિવિલ હોસ્પિટલ ખાતે શહેર ભાજપ સંગઠન પ્રમુખ પરેશભાઈ પટેલ, ફોસ્ટા પ્રમુખ કૈલાશ હકીમ, પૂર્વ ઉપાધ્યક્ષ છોટુભાઈ પાટીલના સહયોગથી મૃતદેહ માટે જરૂરી કફન, પ્લાસ્ટિક અને અન્ય ઈતર સામગ્રી વિનામૂલ્યે વિતરણ કરાશે. નવી સિવિલ ખાતે સ્વર્ગસ્થના પરિવારજનોને મુશ્કેલીના સમયે શાંતિ અને સંતોષ મળે તેવા ઉમદા હેતુથી આ સેવા પ્રવૃત્તિ શરૂ કરવામાં આવી છે. જો મૃતદેહને વિમાન અથવા ટ્રેન મારફતે વતન લઈ જવાનો હોય, તો તેના માટેના સ્પેશિયલ કોફિન બોક્સની સુવિધા પણ મફત ઉપલબ્ધ કરાશે. હોસ્પિટલના પોસ્ટમોર્ટમ રૂમ ખાતે મૃતકોના પરિવારજનો માટે ચા-પાણીની વ્યવસ્થા પણ નિઃશુલ્ક સેવા કાર્યરત કરાઈ છે. આ પ્રસંગે નવી સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ ડો. ધારિત્રીબેન પરમાર, ટી.બી. વિભાગના વડા ડો.પારૂલ વડગામા, નર્સિંગ કાઉન્સિલના ઈકબાલ કડીવાલા, RMO ડો. કેતન નાયક સહિતના સ્ટાફગણ ઉપસ્થિત રહ્યા હતા.

### લોકભારતી મંડળ દ્વારા સિનિયર કે.જી.નાં બાળકો માટે પદવીદાન સમારંભ યોજાશે



સુરતઃ લોકભારતી મંડળ દ્વારા પૂર્વ પ્રાથમિક અભ્યાસ પૂર્ણ કરનાર સિનિયર કે.જી.ના બાળકોનો પદવીદાન સમારંભ એમના માતા-પિતા અને દાદા-દાદી ની હાજરીમાં યોજવામાં આવ્યો હતો. પ્રાર્થના, વેલકમ ડાન્સ, બાળગીત બાદ દરેક વિદ્યાર્થીઓને પદવી આપવામાં આવી હતી. પ્રી પ્રાયમરીના દરેક વિદ્યાર્થીએ વર્ષ દરમિયાન જુદી-જુદી પ્રવૃત્તિઓમાં ભાગ લીધો હતો. તે દરેકને અલગથી ફોટા સાથેની પોકેટ બુક વિના મૂલ્યે આપવામાં આવી હતી. પ્રમુખ દિનકરભાઇએ વર્ષ દરમિયાનની કામગીરીના આધારે બેસ્ટ વિદ્યાર્થી અને બેસ્ટ વિદ્યાર્થીનીને મુગટ પહેરાવીને પ્રોત્સાહિત કર્યા હતા. આ પ્રસંગે ટ્રસ્ટી, શિક્ષણ સમિતિના સભ્યો મીનાક્ષીબેન વખારીયા, પ્રહર્ષાબેન મેહતા અને રમેશભાઈ નાયક, કેમ્પસ કો ઓર્ડિનેટર સેહુલભાઈ મોદી, તેમજ તમામ આચાર્યો પણ હાજર રહ્યા હતા.

### અત્યારે સંપત્તિ કરતાં સમયનો વેડફાટ વધુ છે: જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી



સફાલાઃ સફાલા સ્થિત શ્રી વાસુપૂજ્યસ્વામી શ્વે. મૂ. પૂ. ટ્રસ્ટ જૈન સંઘમાં જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજ અને પંન્યાસ કલ્પવલ્લભવિજયજી મ.ની પાવન નિશ્રામાં ધર્મસભાનું આયોજન થયું હતું. આ પાવન ક્ષણે આચાર્યએ જણાવ્યું હતું કે, સમયને પરખતા જેને આવડે તે સજ્જન છે. સમયને સાચવતા આવડવો જોઈએ. અત્યારે સંપત્તિનાં વેડફાટ કરતાં પણ સમયનો વેડફાટ વધુ છે. અત્યારે જે પણ સમસ્યાઓ વધી રહી છે એના મૂળમાં સમયનો બગાડ છે. જે સમયે જે કરવું જોઈએ તે ન કરો તો એના માઠા ફળ ભોગવવાની તૈયારી રાખવી જોઈએ. માણસના જીવનમાં ઘણી તકો સાંપડતી હોય છે પણ એ તકને ઝડપો નહીં તો ક્યારેક હતાશ અને નિરાશ થવું પડે છે. ખેતરમાં સોળ આની પાક થયો હોય પણ ખેડૂત જો ઘરે ખાટલો ઢાળીને મસ્તીથી સુઈ જાય તો લમણે હાથ દઈને રડવાના દિવસો આવે છે.

### ખ્વાજા ગરીબ નવાઝ વેલફેર ટ્રસ્ટ દ્વારા રોકડ સહાય કરાઈ



સુરતઃ ખ્વાજા ગરીબ નવાઝ વેલ્ફેર ટ્રસ્ટ તરફથી મોહમ્મદ પેગમ્બર સાહેબના ચોથા ખલીફા મોલા અલી મુશ્કીલ કુશાની યાદમાં ટ્રસ્ટ તરફથી તા. ૧૧/૦૩/૨૦૨૬ બુધવારે ધોરાજી સાદાત જમાતના એજ્યુકેશન વિભાગમાં રૂપિયા ૨૧૦૦૦નો ચેક અને સુરત શહેરના ૬ વિદ્યાાર્થીઓને રૂપિયા ૨૫૦૦x૬ લેખે ૧૫૦૦૦ની સ્કોલરશિપ આપવામાં આવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા ખ્વાજા ગરીબ નવાઝ વેલ્ફેર ટ્રસ્ટના પ્રમુખ આસીફભાઈ ચીડીમાર, ઉપપ્રમુખ શબ્બીરભાઈ દડા, સેક્રટરી ફૈયાઝભાઈ ચીડીમાર, હસન ચીડીમાર, કાદરભાઈએ જહેમત ઉઠાવી હતી.

### સમાજની આંખ જટાયુની આંખ બની શકતી નથી એ દુઃખદ છે: પદ્મશ્રી પ્રવીણ દરજી



સુરતઃ ડો. શશિકાંત શાહ સ્મૃતિ ટ્રસ્ટ અને પ્રેસિડેન્સી સ્કૂલના સંયુક્ત ઉપક્રમે શિક્ષણવીદ, કટારલેખક સ્વ.ડો. શશિકાંત શાહની સ્મૃતિમાં યોજાતી વ્યાખ્યાનમાળાના છઠ્ઠા મણકામાં 'સમાજની આંખ, કેળવણીની પાંખ' વિષય પર બોલતાં કવિ, સાહિત્યકાર, વિવેચક પદ્મશ્રી પ્રવીણ દરજી જણાવ્યું હતું કે, કેળવણીનું કામ નકારાત્મકતાથી હકારાત્મકતા તરફની રેખા દોરી આપવાનું છે. વર્તમાન સ્થિતિમાં કેળવણી અને શિક્ષણ એ રિસાઈને બાંકડે બેઠેલા પતિ-પત્ની જેવા છે. શાળાએ સામુહિક સંવેદનાઓ અને અનુભવોનો વિષય છે. સમાજની આંખ જટાયુની આંખ બની શકતી નથી તે દુઃખદ છે. ટ્રસ્ટી અને અતિથિવિશેષ હિતેન્દ્રભાઈ ચુડાવાળાએ શાહ સાહેબ સાથેના સંસ્મરણો વાગોળી એમના જીવન ચિંતન અને શિક્ષણ વિષયક વિચારોને તાજા કર્યા હતા. પ્રેસિડન્સી સ્કૂલના ટ્રસ્ટી નટવરલાલ કારિયાની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયેલ આ કાર્યક્રમમાં તુષાર શાહે આવકાર, ડો. ઈન્તેખાબ અનસારીએ વક્તાનો પરિચય આપ્યો હતો. ઉમેશ ભટ્ટ, હિતેન્દ્ર ભટ્ટ, ડો. અનિલ સિંઘ તથા ડો. સ્વાતિ શાહે મંચસ્થ મહેમાનોનું પુસ્તકથી સ્વાગત કર્યું હતું. ડો. સ્વાતિ શાહે ટ્રસ્ટની કામગીરી બિરદાવી હતી. સુનીલ શાહે આભારવિધિ કરી હતી. સફળ સંચાલન પ્રિ.દીપિકાબેન શુક્લએ કર્યું હતું.

# ૧૨ વર્ષની સગીરા પર રેપ ! નાનીના ભાઈને અંતિમ શ્વાસ સુધીની સજા

**દાદા** દાદા કહેતી માસૂમ બાળા દવા લેવા ગઈ અને નરાધમે ગર્ભવતી બનાવી દીધી

સુરતઃ નાનીના માનીતા ભાઈએ ૧૨ વર્ષની કિશોરી પર બળાત્કાર ગુજાર્યાના કેસમાં પોક્સો કોર્ટે આરોપીને જિંદગીના અંતિમ શ્વાસ સુધી કેદની સજા ફટકારી હતી.

કોસાડમાં બનેલી આ કેસની હકીકત મુજબ ફરિયાદીની માતાના માનીતા ભાઈ આરોપી રબીયુલ ઉર્ફે રબીઉલ માજત શેખ ઉંદર મારવાની દવા વેચતો હતો. ફેબ્રુઆરી-૨૦૨૫મા ફરિયાદીની ૧૨ વર્ષની દિકરી ભોગબનનાર આરોપીના ઘરે ઉંદર મારવાની દવા લેવા માટે ગઈ હતી ત્યારે આરોપીએ બળાત્કાર ગુજાર્યો હતો. પોલીસે પોકસો કાયદા મુજબ ગુનો નોંધ્યો હતો. આ કેસની સુનાવણી દરમિયાન સરકાર તરફે એપીપી દિપેશ દવેએ દલીલો કરી હતી. ફરિયાદ પક્ષ કેસ પુરવાર કરવામાં સફળ થતાં સ્પેશિયલ પોકસો કોર્ટેનાં જજ ભાવેશ અવાશીયાએ રબીયુલ ઉર્ફે રબીઉલ માજત શેખને તકશીરવાર ઠેરવી જીંદગીના અંતિમ શ્વાસ સુધી કેદની સજા અને રૂપીયા ૨.૮૫ લાખનો દંડ ફટકાર્યો હતો.

### આ માસૂમને ક્યાં ખબર હતી કે રાક્ષસી મનોવૃત્તી ધરાવતી વ્યક્તિ બેઠી છે:કોર્ટ

ચુકાદા સાથે કોર્ટે નોંધ્યું હતું કે ભોગ બનનાર માત્ર ૧૨ વર્ષની છે અને આરોપી ૪૬ વર્ષના છે. આરોપી અને ભોગ બનનારની માતા વચ્ચે ધર્મના મામા-ભાણેજનો સંબંધ હતો અને ભોગ બનનાર પણ આરોપીની દિકરી સમાન હતી. ભોગ બનનારના ઘરના સભ્યોને ખબર ન હતી કે આરોપીના રૂપમાં ભોગ બનનારના મામા સમાન વ્યકતી નહિં પરંતુ એક વાસનાથી ભરેલ રાક્ષસી મનોવૃતિ ધરાવતો વ્યક્તિ ભોગ બનનારની સાથે આ પ્રકારનું કૃત્ય કરવાની રાહ જોઇને બેઠો છે. આરોપીએ કોઇ સંબંધની શરમ રાખ્યા વગર પોતાની પુત્રી સમાન બાળકી સાથે ખુબ જ ગંભીર દર્દનાક દુષ્કર્મ કર્યું છે. ૧૨ વર્ષની કુમળી વયની બાળકીને આ ઉંમરમાં ગર્ભપાત જેવી અત્યંત શારીરિક અને માનસિક પીડામાંથી પસાર થવું પડ્યું. આરોપીના આ કૃત્યથી ભોગ બનનારે શાળાનો અભ્યાસ અને બહેનપણીઓ સાથે રમવાનું છોડી દીધું હતું. જેથી આરોપી દ્વારા જે જઘન્ય અપરાધ કરાયું છે તેને જરાપણ હળવાશથી લઇ શકાય તેમ નથી.

વિવિધ ઝોન દ્વારા કરાતી કપૂરની ગોટીની ખરીદીમાં કૌભાંડની આશંકા

# 1700 રૂપિયા કિલોની કપૂરની ગોટી ઝોન 3500માં ખરીદતું હતું

**મ્યુનિ.** કમિ. દ્વારા કપૂરની ગોટીની અગાઉ ઝોન દ્વારા થયેલી ખરીદીમાં થયેલા કૌભાંડની તપાસ કરાવવામાં આવે તે જરૂરી

સુરતઃ સફાઈ કામદારોને ફરજિયાતપણે આપવાની થતી કપૂરની ગોટીની ખરીદી હાલમાં સેન્ટ્રલાઈઝ કરવામાં આવી છે પરંતુ અત્યાર સુધી મનપાના વિવિધ ઝોન દ્વારા કપૂરની ગોટીની બારોબાર ટેન્ડર વિના ખરીદી કરીને મોટું કૌભાંડ કરવામાં આવ્યું હોવાનું બહાર આવ્યું છે.

એક તરફ સુરત શહેરને સ્માર્ટ સિટી બનાવવા માટે પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે તો બીજી તરફ ડ્રેનેજ લાઈનમાં ઉતરતા સફાઈ કામદારોને ઝેરી ગેસથી બચાવવા માટે આપવામાં આવતી કપૂર ગોટીની ખરીદીમાં અત્યાર સુધી પારદર્શિતાના ધજાગરા ઉડ્યા છે. ડ્રેનેજ સફાઈ દરમિયાન કામદારોને ગૂંગળામણ અને ઝેરી ગેસથી બચાવવા માટે 5 ગ્રામની કપૂરની ગોટી આપવાની વ્યવસ્થા છે. અત્યાર સુધી શહેરના નવેય ઝોન દ્વારા ટેન્ડર વગર ખરીદીની કલમ 73(ડી)ની જોગવાઈ હેઠળ અલગ-અલગ રીતે કપૂરની ખરીદી કરવામાં આવતી હતી. ઝોન દ્વારા કપૂરના સાચા ભાવ જાણ્યા વિના જ બારોબાર ખરીદીને કરીને કૌભાંડ કરવામાં આવતું હતું. દર વર્ષે આશરે 1.76 કરોડની કપૂરની ગોટીની ખરીદી કરવામાં આવતી હતી. લિંબાયત ઝોન દ્વારા તાજેતરમાં જ કપૂરનો જથ્થો 3530 રૂપિયા પ્રતિ કિલોના ભાવે ખરીદવામાં આવ્યો હતો. જ્યારે બજારભાવની સરખામણી કરીએ તો પ્રતિ કિલોએ અંદાજે 2000 રૂપિયા સુધીનો તફાવત રહે છે. જેને કરણે આ ખરીદીમાં ભ્રષ્ટાચાર થયો હોવાનું ચોખ્ખું દેખી રહ્યું છે.

આ તો એક ઝોનની વાત છે, જ્યારે અન્ય તમામ ઝોનમાં પણ આ જ રીતે ખરીદી કરવામાં આવી રહી હોવાથી દર વર્ષે કપૂરની ગોટીની ખરીદીમાં જ તમામ લાખો રૂપિયાનું કૌભાંડ કરવામાં આવી રહ્યું હતું. હવે મોટો પ્રશ્ન એ ઉભો થયો છે કે કપૂરની ગોટીની ખરીદીમાં આ રીતે કરાયેલા કૌભાંડ માટે જવાબદાર કોણ? અને મ્યુનિ.કમિ. એમ. નાગરાજન તપાસ કરાવીને જવાબદારોને પકડશે કે કેમ? તેની પર લોકોની નજર છે.

# શહેરમાં કેટલાં કૂતરાં છે તે પાલિકાને ખબર જ નથી

**પાંચ** વખત ટેન્ડર નિષ્ફળ રહ્યા બાદ છઠ્ઠી વખત એકમાત્ર એજન્સી મળી

સુરતઃ સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં રખડતા કૂતરાની સંખ્યા જાણવા તેમજ એનિમલ બર્થ કંટ્રોલ (એબીસી) યોજના હેઠળ કામગીરીને વધુ અસરકારક બનાવવા માટે પાલિકા તંત્ર દ્વારા શહેરવ્યાપી સર્વે હાથ ધરવામાં આવશે. લાંબા સમયથી અટવાયેલ આ પ્રક્રિયામાં હવે છઠ્ઠા પ્રયાસે સફળતા મળતાં 'હ્યુમન વર્લ્ડ ફોર એનિમલ્સ ઈન્ડિયા ફાઉન્ડેશન'ને 9.50 લાખ રૂપિયાના ખર્ચે સર્વે કરવાની મંજૂરી સાથે વર્ક ઓર્ડર આપી દેવામાં આવ્યો છે.

ટેન્ડર પ્રક્રિયામાં આ એજન્સી એકમાત્ર રસ દાખવનાર તરીકે સામે આવી હતી. પાલિકા તંત્રના જણાવ્યા મુજબ એજન્સી ટૂંક સમયમાં શહેરમાં કૂતરાની ગણતરી અને સર્વે રિપોર્ટ તૈયાર કરવાની કામગીરી શરૂ કરશે. સર્વે માટે છ મહિનાનો સમયગાળો નક્કી કરવામાં આવ્યો છે, જોકે ચોમાસા પહેલાં કામગીરી પૂર્ણ કરવાનો પ્રયાસ કરવામાં આવશે. આ સર્વે દરમિયાન ઝોન અને વોર્ડ મુજબ રખડતા કૂતરાની સંખ્યા નોંધવામાં આવશે. સાથે જ નસબંધી કરાયેલા, ઈજાગ્રસ્ત અથવા સ્કીન ઈન્ફેક્શન ધરાવતા કૂતરાની સંખ્યા પણ અલગથી નોંધાશે. એજન્સી દ્વારા ચોક્કસ પદ્ધતિ તૈયાર કરી તેના આધારે કૂતરાની ગણતરી કરવામાં આવશે. સર્વે રિપોર્ટમાં વોર્ડ-ઝોન મુજબ કૂતરાની કુલ સંખ્યા, નસબંધી કરાયેલા કૂતરાની ટકાવારી, ઈજાગ્રસ્ત અથવા કમજોર કૂતરાની સંખ્યા વગેરે વિગતો સામેલ કરવામાં આવશે. લાંબા સમયથી અટકેલી આ કામગીરી હવે અમલમાં આવતાં પાલિકાને શહેરમાં રખડતા કૂતરાની વાસ્તવિક સ્થિતિ જાણવા મદદ મળશે.

# ડિંડોલીમાં જૂની અદાવતમાં યુવકની હત્યામાં 5 ઝડપાયા

**પકડાયેલા** તમામ રીઢા ગુનેગારો છેઃ પોલીસ

સુરતઃ ડિંડોલી વિસ્તારમાં રવિવારે બપોરે જાહેરમાં એક ૪૦ વર્ષીય યુવકની તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી કરાયેલી હત્યામાં પોલીસે મુખ્ય ચાર આરોપીઓ સહિત એક કિશોરને પકડી લીધા છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, ડિંડોલી ફ્લાવર ગાર્ડન પાસે આવેલી અંબિકા ટાઉનશીપમાં રહેતા આશિષ રાઘવપ્રકાશ સિંઘની શનિવારે કરાયેલી હત્યામાં પકડાયેલા પૈકી અભિષેક ઉર્ફે અંશુ અને ગૌરવ ઉર્ફે ગોપાલ ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. ગૌરવ વિરુદ્ધ અગાઉ કતારગામ, ડિંડોલી, ગોડાદરા અને પુણા પોલીસ સ્ટેશનમાં હત્યાની કોશિશ, લૂંટ અને રાયોટિંગ જેવા અનેક ગંભીર ગુનાઓ નોંધાયેલા છે.

### ધરપકડ કરાયેલા આરોપીઓ

(1) અભિષેક ઉર્ફે અંશુ પવનસિંગ રાજપુત (ઉ.વ.૨૧, રહે., પ્રિયંકા સોસાયટી-૧, આસપાસ મંદિરની બાજુમાં, ગોડાદરા) (2) ગૌરવ ઉર્ફે ગોપાલ રાકેશભાઇ મિશ્રા (ઉ.વ.૨૧, રહે., શ્રીનીવાસ એપાર્ટમેન્ટ, કડોદરા ચાર રસ્તા પાસે, કડોદરા) (3) હિતેશ ઉર્ફે ગણેશ રામક્રિષ્ના પાંડે (ઉ.વ.૨૪, રહે., આદર્શ સોસાયટી, કેર હોસ્પિટલ પાસે, ગોડાદરા) (4) સમીર રામઆધાર શર્મા (ઉ.વ.૨૦, રહે., પ્રિયંકા સોસાયટી-૧, આસપાસ મંદિરની બાજુમાં, ગોડાદરા) (5) સગીર કિશોર

### પો.કમિ. કચેરીએ મહિલાઓનો હોબાળો, અમિત રાજપૂત પર ફરી આક્ષેપો

હત્યાની ઘટના બાદ મોટી સંખ્યામાં સ્થાનિક લોકો અને મહિલાઓ પોલીસ કમિશનર કચેરીએ ન્યાયની માંગ સાથે પહોંચ્યા હતા. પરિવારે આક્રોશ સાથે જણાવ્યું છે કે, જ્યાં સુધી ભાજપના કાર્યકર પવનસિંગ અને તેના પુત્ર અભિષેક વિરૂદ્ધ કડક કાયદાકીય કાર્યવાહી કરવામાં નહીં આવે અને તેમની ધરપકડ નહીં થાય, ત્યાં સુધી તેઓ મૃતક આશિષના અંતિમ સંસ્કાર કરશે નહીં. આશિષની પત્નીએ વધુમાં જણાવ્યું હતું કે તેણે પોલીસનો સંપર્ક કરવા કહેતા તેણે કહ્યું હતું કે અમિત રાજપૂતના કારણે પોલીસ કોઈ કાર્યવાહી કરી રહી નથી. પવન સિંગનું નામ ફરિયાદમાં નહીં નોંધવામાં આવે તો આગામી દિવસોમાં આંદોલન કરવાની ચીમકી આપી હતી.

## ક્લિનિકમાં રિસેપ્શનિસ્ટ પર બળાત્કાર ગુજારનાર વોર્ડ બોયને ૧૦ વર્ષની કેદની સજા

સુરતઃ ક્લિનિકમાં રિસેપ્શનીસ્ટ તરીકે કામ કરતી પરિણીતા પર બળાત્કાર ગુજારનાર વોર્ડ બોયને કોર્ટે ૧૦ વર્ષની સજા ફટકારી હતી. આ કેસની વિગત અનુસાર મજૂરાગેટ પાસેની ઈએનટી ક્લિનિકમાં રિસેપ્શનિસ્ટ તરીકે કામ કરતી યુવતીને આરોપી વોર્ડ બોય સંજય વિશ્વનાથ મિશ્રા અવારનવાર ભોગ બનનારની નજીક રહી, કોઈ બહાના બતાવી, વાતચીત કરવાના પ્રયત્ન કરી વોટસઅપ પર શાયરી મોકલતો હતો. તા. ૦૫.૧૦.૨૦૨૩ ના રોજ સાંજના સાતેક વાગ્યે ક્લિનિકનો સમય પૂરો થતાં ડોક્ટર નીકળી ગયા હતા. ત્યારે ક્લિનિકના રીસેપ્શન એરીયામાં આરોપીએ પાછળથી આવી ભોગ બનનારને પકડી બળાત્કાર ગુજાર્યો હતો. આ કેસમાં સરકારી વકીલ ભરતસિંહ ચાવડા, કે.ડી. ખેરનાર અને દિગંત તેવરે ફરિયાદ પક્ષે દલીલો કરી હતી.

ચેતવણી — આર્થિક પાટનગર મનાતા સુરતમાં માત્ર 437 દિવસમાં પોક્સોના 455 કેસ નોંધાયા

# સુરતમાં રોજ પોક્સોનો એક કેસ નોંધાય છે

**બાળાઓ** પર થતાં અત્યાચારો સુસંસ્કૃત સુરતની ભૂમિને લજવી રહ્યાં છે

**સમાજ,** પોલીસ અને ન્યાયતંત્રનાં સંવેદનશીલ અને સંયુક્ત પ્રયત્નોથી જ બાળકોને સુરક્ષિત અને નિર્ભય વાતાવરણ મળી શકે



સુરતઃ ગુજરાતના આર્થિક પાટનગર ગણાતા સુરતમાં બાળકો પર થતાં જાતીય ગુનાઓ અંગે ચિંતાજનક સ્થિતિ સામે આવી છે. સુરત જિલ્લા ન્યાયાલયમાં તા. ૧૩-૩-૨૦૨૬ સુધીના માત્ર ૪૩૭ દિવસના સમયગાળામાં પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફોર્મ સેક્સ્યુઅલ ઓફેન્સ એક્ટ ૨૦૧૨ (પોક્સો એક્ટ) હેઠળ કુલ ૪૫૫ કેસ રજિસ્ટ્રર થયા હોવાનું સામે આવ્યું છે. આ આંકડો માત્ર આંકડો નથી, પરંતુ સમાજ માટે ગંભીર ચેતવણી સમાન છે. વર્ષ ૨૦૨૫માં ૩૯૬ અને ૨૦૨૬માં તા. ૧૩-૩-૨૬ સુધીમાં ૫૯ પોક્સો એક્ટ હેઠળનાં ગુના નોંધાયા હતા. સુરતમાં કેસોની વધતી સંખ્યા દર્શાવે છે કે હજુ પણ સમાજમાં જાગૃતિ, સંસ્કાર અને કાયદાની કડક અમલવારીની તાતી જરૂર છે. કવિ નર્મદની ભૂમિ, સુરત શહેર સંસ્કૃતિ, સાહિત્ય અને વેપાર માટે ઓળખાય છે. પરંતુ માસૂમ બાળાઓ પર થતાં આવા અત્યાચારો આ ભૂમિને શરમજનક સ્થિતિમાં મૂકી રહ્યા છે. આવા ગુનાઓ અટકાવવા માટે માત્ર કાયદો પૂરતો નથી.

### 416 કેસમાં આરોપીઓને કડક સજા કરાઈ

પોક્સો એક્ટ અન્વયે રજિસ્ટ્રર થતાં ગુના સંદર્ભે કોર્ટ પણ અતિ સંવેદનશીલ છે. આવા કેસોમાં ન્યાય પ્રક્રિયાથી ઝડપભેર કેસનો નિકાલ લાવવામાં પોતાની જવાબદારી કોર્ટ ખૂબ જ ગંભીરતાથી નિભાવી રહ્યું છે અને બાળકોની જાતીય સતામણી-હુમલા કેસોમાં ગુનેગારોને કાયદાની જોગવાઈ અનુસાર મહત્તમ સજા આપીને સમાજમાં દાખલો બેસાડી રહ્યા છે. ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધીમાં સુરત જિલ્લા ન્યાયાલયમાં અંદાજે ૪૧૬ જેટલા પોક્સો કેસમાં ન્યાય પ્રક્રિયા બાદ ગુનેગારોને દોષિત ઠેરવવામાં આવ્યા હતાં અને સજા પણ કરાઈ હતી. છેલ્લા વર્ષોના સજાનાં આંકડા જોઈએ તો ૨૦૨૨માં ૬૫ કેસ, ૨૦૨૩માં ૬૮ કેસ, ૨૦૨૪માં ૬૬ કેસ અને ૨૦૨૫માં ૬૩ કેસ સહિત જાન્યુઆરી ૨૦૨૬થી તા.૨૬-૨-૨૦૨૬ સુધીમાં આઠ પોક્સોનાં કેસમાં આરોપીઓને કડકમાં કડક સજા કરવામાં આવી હતી.

### શું છે આ પોક્સો એક્ટ?

ભારતમાં બાળકોને જાતીય અત્યાચારથી સુરક્ષિત રાખવા માટે કેન્દ્ર સરકારે Protection of Children from Sexual Offences Act, 2012 (પોક્સો એક્ટ) અમલમાં મૂક્યો છે. આ કાયદાનો મુખ્ય હેતુ 18 વર્ષથી ઓછી ઉંમરના બાળકોને જાતીય શોષણ, દુર્વ્યવહાર અને અશ્લીલ શોષણથી કાનૂની સુરક્ષા આપવાનો છે. તેમાં સેક્સ્યુઅલ અસોલ્ટ, પેનેટ્રેટિવ સેક્સ્યુઅલ અસોલ્ટ, સેક્સ્યુઅલ હેરાસમેન્ટ અને ચાઇલ્ડ પોર્નોગ્રાફી જેવા ગુનાઓનો સમાવેશ થાય છે. આ કાયદા મુજબ ગુનાની ગંભીરતા અનુસાર આરોપીને આજીવન કેદ સુધીની સજા થઈ શકે છે. કેટલાક ગંભીર કેસોમાં વધુ કડક સજાની પણ જોગવાઈ કરવામાં આવી છે.

# સગરામપુરા કાદરજી સ્ટ્રીટના મકાનમાં આગ ભભૂકી ઊઠી

**આગ** લાગવાને કારણે ફર્નિચર સહિત ઘરવખરી બળીને ખાખ થઈ



સુરતઃ સગરામપુરા સ્થિત કાદરજી સ્ટ્રીટમાં સોમવારે સવારે એક મકાનમાં આગ લાગી હતી.

પ્રાપ્ત જાણકારી મુજબ,સગરામપુરા ખાતે કાદરજી સ્ટ્રીટમાં 2-2813 મકાનમાં અમજદભાઈ તેમનાં પરિવાર સાથે મકાનમાં ભાડુઆત તરીકે રહે છે.તેઓ પરિવાર સાથે બહાર ગયા હતાં,દરમિયાન સવારે 11:15 કલાકે મકાનમાં એકાએક આગ ફાટી નીકળી હતી.

આગ લાગવાને કારણે ઘરમાથી ઘૂમાડો ઉઠતો જોઈ આજુબાજુનાં લોકોએ ફાયર કંટ્રોલને જાણ કરી હતી.દરમિયાન મકાન માલિક પણ હાજર થઈ ગયા હતાં. બાદમાં નવસારી બજાર, મુગલીસરા તથા મજુરા ફાયર બ્રિગેડનો કાફલો સ્થળ ઉપર પહોંચી ગયો હતો. ફાયર સબ ઓફિસર રાજેશ દેશમુખનાં જણાવ્યા મુજબ,મકાનનાં કિચનમાં આગ લાગવાની શરૂઆત થઈ હતી.

આગ લાગવાને કારણે ફર્નિચર,પંખો,વાયરિગ,સિલાઈ મશીન વગેરે બળીને ખાખ થઈ ગયા હતાં. અંદાજે એકાદ કલાકની જહેમતે આગ ઉપર કાબૂ મેળવી લેવાયો હતો. જોકે આગમાં કોઈને ઈજા પહોંચી ન હતી કે જાનહાનિ થઈ ન હતી.